પત્રિકા
૧૩૬

# ચિરાગે હિદાયત

૮/૧૨/૧૭
૧૯ ર.અવ્વલ

## સફળ લગ્નજીવનની ચાવીઓ

ઈદે ઝહેરાની ખુશીઓ મનાવાઈ ગઈ અને હવે મૌસમ છે ઘરોમાં શાદીની ખુશીઓનો. આજે આપણે જોઈએ છે કે શાદીઓ થાય છે પણ તેમાંથી ઘણા ખરામાં ઈખ્તેલાફ અને તલાક વગેરે જોવા મળે છે. સફળ લગ્નજીવન બહુજ ઓછા થતા જાય છે. આવું શા માટે? જયારે કે દીને ઈસ્લામ આપણને શાદી બાબતેની પૂરે-પૂરી સમજણ આપે છે. એટલું જ નહી કેવા ઘરમાં શાદી કરવી? (દુલ્હન કેવી પસંદ કરવી?), દિકરી માટે કેવો દુલ્હો પસંદ કરવો? વિગેરે સવાલોથી લઈને શાદી થાય છે અને પછી પતિ-પત્નીના સંબંધો, માં-બાપ અને ઔલાદ સાથેના સંબંધો આ બધીજ તાલીમ આપણને આપવામાં આવે છે પણ આપણે તેને મહત્વ જ આપતા નથી.

લગ્ન લેવાય કે તરત જ બંને પક્ષની ખરીદી ચાલુ થઈ જાય છે. તૈયારી માટે કપડાની, વાસણની, દાગીનાની અને વળી સારામાં સારી ડીઝાઈનની વસ્તુઓ લેવામાં આવે છે પણ કયારેય લગ્ન પછી દિકરીને કે દિકરાને તેઓની ફરજો વિશે કે પછી પતિ અને પત્નીના સંબંધો, લગ્ન પછીની ઝિંદગીમાં કયા-કયા મૌકાઓ ઉપર કેવી રીતે વર્તવું? જેમ કે નાની ભૂલોને દરગુજર કરવી, સબ્રથી કામ લેવું, એકબીજાને સમજવા વિગેરે બાબતોની તાલીમ નહિ અપાય તો તેના પરિણામે ઘરોમાં કંકાસ વધે છે.

અઝીઝો! આવો આપણે એવા મહત્વના મુદ્દાઓની ચર્ચા કરીએ જે આપણી અને આપણા બચ્ચાઓની ઝિંદગીમાં ખુશીઓ લાવે, ઘરને જન્નત બનાવે અને ઘરવાળાઓને જન્નતી.

* *શાદીનો મકસદ :* સૌથી પહેલા આપણે તે જાણવું જોઈએ કે લગ્ન માત્ર જાતીય સુખ કે ખ્વાહિશાતને પુરૂં કરવાનું નામ નથી પણ લગ્ન એ એવા બંધારણનું નામ છે જેનો હેતુ ઈન્સાનને સંતોષ, સુકુન અને સારી સંતતિ (નસ્લ) મળવાનો છે અને આ હેતુ મેળવવા માટે દિકરા અને દિકરી બંનેને અમુક ફરજો મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જોઈએ.

* *પુરૂષ (પતિ)ની સ્ત્રી (પત્ની) પ્રત્યેની ફરજો :*

૧) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું **"સારામાં સારો પુરૂષ તે છે કે જે પોતાની સ્ત્રી સાથે આનંદી થઈને રહે અને ખરાબમાં ખરાબ પુરૂષ તે છે જે સ્ત્રીને મારે અને હેરાન કરે."**

૨) પતિએ પોતાની પત્નીને નિસ્વાર્થ પ્રેમ કરવો જોઈએ જયારે તે પત્નીને મોહબ્બત કરે

છે તેને પ્રેમથી ઘરમાં રાખે છે તો પત્ની પોતાના માં-બાપ, ભાઇ-બહેન બધાને મૂકીને જયારે પતિના ઘરે આવે છે તો પ્રેમના કારણે બધાને ભૂલીને પતિ સાથે ખુશીથી રહે છે.
૩) પતિ જેવી રીતે ઈચ્છે છે કે પત્ની તેની માટે સારા કપડાં પહેરે તેવી જ રીતે પતિ પણ પોતે સારા કપડાં પહેરે અને પાક સાફ રહે જેથી પત્નીનું તેના પતિ તરફ આકર્ષણ જળવાઇ રહે.
૪) પતિની આજ્ઞામાં રહેવું સ્ત્રીની ફરજ છે પણ તેથી એમ ન સમજવું કે પત્ની તમામ પ્રકારની સેવા કરનાર દાસી છે. સ્ત્રીઓ જે કાંઇ ઘરકામ કરે છે તેનાથી ખુદાની ખુશી અને સવાબ મેળવ્યા કરે છે. તેઓ પોતાની ઈચ્છાથી કરે છે તેની માટે કોઇ કામ વાજિબ નથી. પત્નીને ઘરની કામવાળી ન સમજે.

ઈમામ સાદીક(અ.સ.)ને જયારે પૂછવામાં આવ્યું કે પતિની પત્ની ઉપર શું ફરજ છે ત્યારે ઈમામ(અ.સ.)એ કહ્યું **''પુરૂષની સ્ત્રી ઉપર તે ફરજ છે કે તેને પેટ ભરીને ખાવાનું ખવરાવે, તેના શરીરને ઢાંકે અને સ્ત્રીથી કોઈ ભૂલ થઈ જાય તો તેને માફ કરી દે.''**

*(તફસીરે નુરૂસ્સકલૈન, પેજ નં. ૪૩૭, ભાગ-૧)*

૫) પતિ પોતાની પત્નીની નાદાની અને ભૂલોની સામે ન જોતા તેને માફી આપે અને વાત-વાતમાં ગુસ્સે ન થાય.
૬) પોતાની પત્નીને હલાલ-હરામનું શિક્ષણ (ઈલ્મ) આપવું જરૂરી છે માટે તેને મદ્રેસાઓ કે કલાસીસમાં જવા માટે પ્રોત્સાહીત કરે.
૭) પતિ જેટલું મહત્વ અને ઈઝ્ઝત પોતાની જાતને અને બીજા ઘરના સભ્યોને આપે છે તેટલું જ મહત્વ અને ઈઝ્ઝત તેને પણ આપે.

કારણ કે કુરઆનમાં અલ્લાહતઆલા ફરમાવે છે : **''તમે તેની માટે લીબાસ છો અને તે તમારી માટે લીબાસ છે.''** *(સૂરએ બકરહ, આયત નં. ૧૮૭)*

આપણે આ આયતથી સબક એ લેવાનો છે કે કયારેય પણ ઈન્સાનને પોતાનો લીબાસ ગંદો થાય કે, હલકો પડે કે પછી ખરાબ થાય એ નહીં ગમે.

બીજું મહત્વ લીબાસનું એ છે કે તે આપણા ઐબોને છુપાવે છે એવી જ રીતે પતિ અને પત્નીએ એકબીજાના ઐબોને છુપાવવા જોઈએ.

અઝીઝો! લીબાસ ગરમી, ઠંડી અને વરસાદથી આપણું રક્ષણ કરે છે. આથી પતિ અને પત્નીઓ ગમે તેવી તકલીફમાં હોય પણ અને એકબીજાને સાથ આપે અને હિફાઝત કરે.
૮) પતિ એ પત્ની ઉપર ભરોસો રાખવો જોઈએ અને તેના પ્રત્યે શંકાશીલ ન બનવું જોઈએ.
૯) પતિ હંમેશા પત્નીની સાથે ખુલુસતાથી નમ્રતાથી વર્તે, તેની સાથે સારી રીતે વાતચીત કરે, વિચારોની આપ લે કરે અને તેની વાત ઉપર પૂરતું ધ્યાન આપે.

અઝીઝો! દુનિયામાં અગર કોઈ બહેતરીન જોડી હોય તો તે હઝરત અલી(અ.સ.) અને જનાબે સૈયદા(સ.અ.)ની છે. આપણા માટે સારામાં સારો નમુનએ અમલ છે. કાએનાતના બાદશાહ હઝરત અલી(અ.સ.) જેવી શખ્સીય્યત પોતાની પત્નીને કેવી રીતે મદદ કરે છે અને તેનો સવાબ શું છે? તે એક હદીસ દ્વારા જાણીએ.

મૌલા અલી(અ.સ.) ફરમાવે છે કે એક દિવસ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અમારા ઘરે તશરીફ લાવ્યા, ત્યારે જનાબે ફાતેમા(સ.અ.) હાંડીની પાસે બેઠા હતા અને હું તનુર સાફ કરી રહયો હતો, ત્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ કહ્યું ''અય અલી! ધ્યાનથી સાંભળો જે કાંઈ હું કહી રહ્યો છું કારણ કે હું અલ્લાહના હુકમ સિવાય કંઈ જ નથી બોલતો.

જે શખ્સ પોતાના ઘરના કામકાજમાં તેની પત્નીને મદદ કરશે તો અલ્લાહતઆલા તેના શરીર પર દરેક વાળના બદલે એવા એક વર્ષની ઈબાદતનો સવાબ આપશે જેના દિવસોમાં રોઝા રાખ્યા હોય અને રાત્રીના ઈબાદત કરવામાં આવી હોય, અલ્લાહ તેને સાબેરીનનો સવાબ બખ્શશે અને જનાબે દાઉદ(અ.સ.) અને જનાબે યાકુબ(અ.સ.) અને જનાબે ઈસા(અ.સ.)નો સવાબ અતા કરશે. અય અલી! જે શખ્સ પોતાના બીવી બચ્ચાઓની ખિદમત કરવામાં શરમ નહીં કરે તો અલ્લાહ તેનાં દરેક કદમ ઉપર હજ અને ઉમરાહનો સવાબ અતા કરશે અને તેના શરીરની રગોની ગણતરીની સંખ્યામાં તેને જન્નતમાં શહેર અતા કરશે.

અય અલી(અ.સ.)! એક પળ માટે પોતાના ઘરનું કામ કરવું તે ૧૦૦૦ વર્ષની ઈબાદત, ૧૦૦૦ હજ, ૧૦૦૦ ઉમરાહ, ૧૦૦૦ ગુલામ આઝાદ કરવા, ૧૦૦૦ જેહાદ કરવી, ૧૦૦૦ મરીઝોની અયાદત કરવી, ૧૦૦૦ જુમ્આ નમાઝ પઢવી, ૧૦૦૦ જનાઝામાં શરીક થવું, ૧૦૦૦ ભુખ્યાઓને ખાવાનું ખવરાવવું, ૧૦૦૦ નિવસ્ત્રને વસ્ત્ર પહેરાવવા, ૧૦૦૦ ઘોડા રાહે ખુદામાં દેવા, ૧૦૦૦ દીનાર અને ઊંટ ગરીબોમાં સદકો કરવો, તૌરેત, ઝબુર અને કુરઆન પડવા, ૧૦૦૦ કૈદી આઝાદ કરવા અને મીસ્કીનો માટે ૧૦૦૦ ઊંટ કુરબાની કરવા કરતા બહેતર છે. આવો શખ્સ આ દુનિયાથી ત્યાં સુધી નહીં જાય જયાં સુધી પોતાનો મકામ જન્નતમાં ન જોઈ લે.

અય અલી(અ.સ.)! જે કોઈ ખિદમતે અયાલથી મોઢું નથી ફેરવતો તે બેહિસાબ જન્નતમાં દાખલ થશે.

અય અલી(અ.સ.)! ખિદમતે અયાલ ગુનાહે કબીરાનો કફ્ફારો છે. અલ્લાહ તઆલાના ગઝબ (ગુસ્સા)ને શાંત (ઠંડો) કરે છે અને હુરૂલઈનનું મહેર છે. આનાથી દરજ્જાત અને નેકીઓ બલંદ થાય છે.

અય અલી(અ.સ.)! ખિદમતે અયાલ તેજ વ્યક્તિ કરશે જે સિદ્દીક અથવા શહીદ

**હશે અથવા તો તે કે જેને અલ્લાહ દુનિયા અને આખેરતમાં નેકી દેવા માંગતો હોય.''**

*(જામેઉલ અખ્બાર, પેજ નં. ૧૭૭)*

આ અઝીમ લગ્ન સંબંધના હેતુને પાર પાડવામાં જેટલી ફરજો પુરૂષોની છે તેટલી જ સ્ત્રીઓની પણ છે.

* *સ્ત્રી (પત્ની)ની પુરૂષ (પતિ) પ્રત્યેની ફરજો :*

૧) પત્ની એ પતિની સેવા કરવી.

૨) પત્ની પતિના હુકમ વિરૂધ્ધ કોઈ કામ ન કરે. તેની આજ્ઞાનું પાલન કરે તો સુન્નત ઈબાદતનો સવાબ મળે.

૩) જે પત્નીઓ પોતાના પતિની તાબેદારી કરે, દુઃખ અને બલા ઉપર સબ્ર કરે તેનો અને જે પતિ જેહાદ કરે તે બંનેનો સવાબ સરખો છે.

૪) જે પત્નીઓ પોતાના પતિને ઈજા પહોંચાડે, દુઃખી કરે તેની કોઈ પણ ઈબાદત અલ્લાહ કબૂલ નહીં કરે.

૫) પતિની ગેરહાજરીમાં તેના માલની હિફાઝત કરે.

૬) પતિ સામે ઉંચા અવાજે વાત ન કરે અને નરમાશથી વર્તે.

૭) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવ્યું ''એ સ્ત્રીઓ તમે સદકો કરો અને પોતાના પતિની આજ્ઞામાં રહો કારણ કે તમારામાંથી ઘણી સ્ત્રીઓ દોઝખી થશે.'' આ સાંભળી સ્ત્રીઓ રોવા લાગી અને અર્ઝ કરી ''શું અમો કાફિરોની સાથે દોઝખમાં બળીશું? અમે કાફિર નથી.'' હઝરતે ફરમાવ્યું ''તમો પોતાનાં પતિની નાફરમાની કરીને તેનાથી કુફ્ર કરો છો.''

ત્યારે એકબીજી સ્ત્રીએ અર્ઝ કરી ''યા હઝરત! અમો સખ્તીઓ ઉપાડીએ, પ્રસુતીની વેદના સહીએ, બચ્ચાઓને દૂધ પીવરાવીએ, પરવરીશ કરીએ શું આટલા કાર્યો અમને જન્નતી બનાવવા માટે બસ નથી?'' આ સાંભળી હઝરત રોવા લાગ્યા અને ફરમાવ્યું ''જો **તમારા પતિને રંજીદા ન રાખો અને નમાઝ પડો તો તમારામાંથી કોઈપણ દોઝખમાં નહીં જાય.''**

અઝીઝો! આવો આપણે દુઆ કરીએ કે અલ્લાહ દરેક દુલ્હા-દુલ્હનને પોતાની ફરજો બજાવી લાવવાની તૌફીક આપે અને તેમની ઝિંદગીઓમાં ખુશીઓ અતા કરે અને નેક નસ્લ બને અને ઈમામના મદદગારોમાં તેમનો શુમાર થાય.

**અલ્લાહુમ્મ અજજીલ લે વલીય્યેકલ ફરજ.**

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**

વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com